દિવ્ય ભાસ્કર

# દિલ્હી કૃષિ અધિકારીએ ખેડૂતોના લાભાર્થે યોજનાની માહિતી મેળવી

## અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પુસ્તકનું વિમોચન કરાયું

ભાસ્કર ન્યૂઝ . વાપી



દિલ્હી સ્થિત કૃષિ અનુસંધાન પરિષદના આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ (કૃષિ વિસ્તરણ) ડો. ચહલ તથા ગુજરાત મહરાષ્ટ્ર કેવીકેના ઝોનલ પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. લાખનસિંગ, સેક્રેટરી ડો. બલરાજ સિંગે બુધવારે અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી.

અંભેટી તથા ધોધડકૂવા ગામે એક દિવસીય મુલાકાતમાં કેન્દ્રના ગૃહ વૈજ્ઞાનિક પ્રેમીલાબેન આહિરના માર્ગદર્શનમાં મહિલા સશક્તિકરણની પ્રવૃતિ નર્સરી ઉછેર, કેરી રસ પરીક્ષણની કામગીરીને જોઇને સંતોષ વ્યક્ત કર્યો હતો. કેન્દ્ર દ્વારા ખેતી સાથે મશરૂમ ઉત્પાદન, મધમાખી ઉછેર, વર્મી કમ્પોસ્ટ, નર્સરી અને ડેરી ઉદ્યોગ જેવી પ્રવૃતિ અપનાવીને આવક વધારી શકાય એ માટે ભાર મુક્યો હતો. ડો. લાખનસિંગે પુસ્તક કૃષિ સંજીવનીનુ વિમોચન કર્યુ હતું.